ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમ,ગાંધીનગર મારફત સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના વિદ્યાર્થી/ઇસમોને શૈક્ષણિક તથા સ્વરોજગારના હેતુ અંતર્ગત બેંક મારફતે લીધેલ લોન પર વ્યાજ સહાય આપવા બાબતનો સુધારા ઠરાવ.

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંકઃ **SJED/MSM/e-file/17/2024/2673/A-1 Section**

સચિવાલય, ગાંધીનગર.

તા.ઈ-સાઇન મુજબ

**વંચાણે લીધા:**

(૧) આ વિભાગનો સરખા ક્રમાંકનો તા.૦૧/૦૫/૨૦૨૫નો ઠરાવ.

(૨) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની કચેરીનો તા.૧૨/૦૮/૨૦૨૫નો પત્ર

**આમુખ:**

ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ મારફત સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના વિદ્યાર્થી/ઇસમોને શૈક્ષણિક તથા સ્વરોજગાર હેતુ માટે બેન્ક મારફત લીધેલ લોન પર વ્યાજ સહાય આપવા અંગેની નવી બાબતને વંચાણે લીધેલ ક્રમાંક-(૧) પરના ઠરાવથી વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણની વંચાણે લીધેલ ક્રમાંક-(૨) પરની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**-ઠ રા વ –**

પુખ્ત વિચારણાને અંતે, વર્ષ ૨૦૨૫-૨૬થી વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકના ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમ,ગાંધીનગર મારફત સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોના વિદ્યાર્થી/ઇસમો દ્વારા બેંક મારફતે ભારત દેશમાં અથવા વિદેશમાં ઉચ્ચ અભ્યાસ અને પરિવહન યોજના અંતર્ગત લીધેલ લોન પર ૬% તેમજ સ્વરોજગારલક્ષી યોજના અંતર્ગત લીધેલ લોન પર(પુરુષો માટે ૬% અને મહિલાઓ માટે ૭%) વ્યાજ દરે સબસીડી આપવાની રૂ.૧૮.૦૧ કરોડની નવી બાબતને આંશિક સુધારા સાથે નીચે દર્શાવેલ કોષ્ટક મુજબ વહિવટી મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ | યોજનાનું નામ | લાભાર્થીઓની સંખ્યા | વ્યાજ સબસીડી દર | એક લાભાર્થીને મહત્તમ સહાય | સબસીડી ખર્ચ | ૫% વહીવટી ખર્ચ | કુલ ખર્ચ રૂ. |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ભારત દેશમાં અથવા વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે બેંક મારફતે લીધેલ લોન પર વ્યાજ સબસીડી | ४५० | ૬% | ૧.૫૦ લાખ | ૬૭૫ લાખ | ૩૩.૭૫ લાખ | ૭.૦૯ કરોડ |
| ૨ | સ્વરોજગાર માટે બેંક મારફતે લીધેલ લોન પર સબસીડી | ४२५ પુરુષ લાભાર્થી અને ૩૫૦ મહિલા લાભાર્થી | પુરુષ લાભાર્થી-૬% અને મહિલા લાભાર્થી-૭% | પુરુષ માટે ૬૦ હજાર અને મહિલા માટે ૭૦ હજાર. | ૫૦૦ લાખ | ૨૫ લાખ | ૫.૨૫ કરોડ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૩ | પરિવહન માટે બેંક મારફતે લીધેલ લોન પર સબસીડી | ૪૫૦ | ૬% | ૧.૨૦ લાખ | ૫૪૦ લાખ | ૨૭ લાખ | ૫.૬૭ કરોડ |
| નવી બાબતની કુલ રકમ | | | | | | | ૧૮.૦૧ કરોડ |

વંચાણે લીધેલ ક્રમાંક (૧) ઉપરના આ વિભાગના તા.૦૧/૦૫/૨૦૨૫ના ઠરાવની ઉક્ત સુધારા સિવાયની અન્ય તમામ જોગવાઈઓ અને શરતો યથાવત રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર અગ્ર સચિવશ્રીની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.**

**( જી.પી.પટેલ )**

**સંયુક્ત સચિવ**

**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.**

**<u>નકલ રવાના:</u>**

- માન. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના અંગત સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના અંગત સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી, (સા. ન્યા અને અ.વિ.) સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગર.
- મેનેજીંગ ડિરીક્ટરશ્રી, ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી (બજેટ/કોમ્પ્યુટર સેલ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર, (વિભાગની વેબસાઈટ પર ઓનલાઈન મુકવા વિનંતી સહ).
- સિલેક્ટ ફાઈલ.

*Signature Not Verified*

*Signed by:Girishchandra Prahladbhai Patel*
*Joint Secretary*
*Date:2025.08.20 11:39:51 +5:30*


*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*